
ડૂબે તો પાણીનો વાંક કાઢે છે, ઠોકર ખાય તો પથ્થરનો વાંક કાઢે છે,
મનુષ્ય પણ ગજબ છે, જયારે પોતાનાથી કશું નહીં થાય
ત્યારે નશીબનો વાંક કાઢે છે!



(સુવિચારો ઈન્ટરનેટ ઉપરથી)

જીવન માં પાછળ જુઓ તો અનુભવ મળશે, જીવન માં આગળ જુઓ તો આશા મળશે અને આજુ બાજુ જુઓ તો સત્ય મળશે, પરંતુ પોતાની અંદર જુઓ તો પરમાત્મા અને આત્મવિશ્વાસ મળશે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

ભૂલો કઈ રીતે થઈ તે સમજવામાં જેટલો સમય વેડફાય છે
તેના કરતાં ઓછા સમયમાં એ ભૂલ સુધારી શકાય છે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

સાપ કરતાં પાપનો ડર વધુ હોવો જોઈએ કારણ કે સાપતો
એકવાર ડંસ દે છે જ્યારે પાપ તો જનમોજનમ સુધી ડંસ દે છે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

કામો એવા કરો કે પહેચાન બની જાય, દરેક પગલું એવું
માંડો કે નિશાન બની જાય, જિંદગી તો બધા જ જીવી જાય છે,
જિંદગી એવી રીતે જીવો કે મિશાલ બની જાય!




VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

જો તમે સાચા હોવ તો તમારે ગુસ્સે થવાની જરૂર નથી અને
જો તમે ખોટા હોવ તો ગુસ્સે થવાનો તમને અધિકાર નથી



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

ચાલતા બે પગોમાં કેટલો ફર્ક છે. એક આગળ હોય તો બીજો પાછળ. છતાં આગળવાળાને અભિમાન નથી હોતું અને પાછળવાળાને અપમાન નથી લાગતું. કારણ કે બંને ને ખબર છે કે બીજી ક્ષણે આ પરીસ્થીતી બદલાઈ જવાની છે. આનું નામ જિંદગી છે. ભૂતકાળને યાદ ન કરો અને નશીબમાં જે મળ્યું છે તેની ફરિયાદ ન કરો. જે થવાનું છે તે થઈને જ રહેશે માટે કાલની ફીકરમાં આજનું હાસ્ય બરબાદ ન કરો. હંસ મરતી વખતે પણ ગાતો હોય છે, જયારે મોર નાચતી વખતે પણ રડતો હોય છે. જિંદગીનું રહસ્ય જ એ છે કે દુઃખોવાળી રાતે ઉંઘ કોને આવે છે? અને ખુશીવાળી રાતે કોણ સુઈ જાય છે?



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

મેળવવામાં આનંદ છે, પરંતુ મેળવેલું આપવું એમાં મહા આનંદ છે



રસ્તામાં મંદિર જુવો અને પ્રાર્થના નહીં કરો તો ચાલશે
પણ એમ્બ્યુલન્સ જુવો તો જરૂર પ્રાર્થના કરજો. શું ખબર
તમારા જેવાની દુવાથી કોઈની જિંદગી બચી જાય!



આંસુ, સાસુ અને ચોમાસું આ ત્રણ
વસ્તુઓ પર ક્યારેય ભરોસો કરવો નહીં



માણસ ફુલાવાનું જલ્દી સ્વીકારે છે,
પણ યોગ્ય રીતે સંકોચાવાનું નહીં !



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

જીવનમાં વધુ સબંધો હોવા એ જરૂરી નથી,
પરંતુ જે સબંધો છે તેમાં જીવન હોવું જરૂરી છે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

સબંધો કંઈ ટ્વીટર, ફેસબુક કે ગુગલ નથી કે જયારે તમને મન થાય ત્યારે તમે એને સાઈન ઇન અને સાઈન આઉટ કરી શકો



સરળતાથી કશું ના મળે તો દુઃખી ના થસો, મળી જાય બધું તો
પ્રયત્ન શું કરશો? સપના બધા સિદ્ધ નથી થતા,
સિદ્ધ થઇ જાય તો સપના શું જોશો?



માનવીને દોલત વારસામાં મળે છે. વિશ્વાસ, પ્રતિષ્ઠા,
અને સન્માન તેણે પ્રાપ્ત કરવાનાં હોય છે – રતન ટાટા



પતંગ જ્યાં સુધી દોરી જોડે બાંધેલી હોય ત્યાં સુધી જ ઉપર જાય છે
તેજ રીતે આપણે પણ પ્રભુ સાથે બંધાયેલા રહીએ
ત્યાં સુધી જ ઊર્ધ્વગમન સંભવીત છે



બેંક એક એવી જગ્યા છે જે સારા હવામાનમાં તમને છત્રી આપશે
અને વરસાદ શરુ થતા જ તે પાછી માંગી લેશે –રોબર્ટ ફ્રોસ્ટ



હોસ્પિટલનો બેડ એક ચાલુ મીટરવાળી પાર્ક કરેલી ટેક્ષી જેવો હોય છે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

સફળ માણસ વિચારે છે કે શું સાચું છે
અને નિષ્ફળ માણસ વિચારે છે ખોટું શું છે?



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

અહંકારની પાઘડી માથા ઉપરથી ઉતરી જાય તો
મોટામાં મોટી સમસ્યા પણ પા-ઘડી માં ઉકેલી જાય



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

સબંધ બગાડીને તોડવા કરતાં સબંધ
સારા રાખીને પણ વહેવાર રાખી શકાય છે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

તમે પ્રેમને ત્યાં સુધી નહિ સમજી શકો જયાં સુધી
તમે પોતાની જાતને એમાં સમર્પણ નહિ કરો



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

પતી અને પત્ની કાતરની બે ધાર જેવા હોય છે, જો ભેગા મળે તો
વિરુદ્ધ દિશામાં ચાલશે અને તેમની વચ્ચે આવતા લોકોને સજા કરશે



દુનીયામાં માણસ જ એક એવું પ્રાણી છે જે વૃક્ષો કાપે છે,
તેનો કાગળ બનાવે છે અને કાગળ ઉપર લખે છે વૃક્ષો બચાવો!



લોકો પણ કેવા હોય છે જખ્મોને ખોતરે છે અને
પછી પૂછે છે દર્દ નથી થતું ને?–વિપુલ દેસાઈ



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

અજ્ઞાની કરતાં જ્ઞાની વધુ દુઃખી છે, કેમકેઃતેમની પાસેની સત્ય વાતો સ્વીકારવાની ક્ષમતા નથી, તેથી જ્ઞાનીની કોઇ વાત માનતું નથી



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

પોતાનાને પોતાના હોવાનો અહેસાસ કરાવો નહીતર
સમય તમારાને તમારા વગર જીવવાનું શીખવી દેશે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

સુગંધ વિના પુષ્પની કોઈ કિંમત નથી, પુષ્પ વિના બાગની
કોઈ કિંમત નથી તેમ હોય ભલે લાખ વૈભવ પણ સંતોષી જીવન
અને સારા કર્મો વિના જીવનની કોઈ કિંમત નથી



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

જે વિચારધારાથી સમસ્યાઓ ઉદ્ભવી હોય તેનું નિરાકરણ
એ જ વિચારધારાથી ન લાવી શકાય, ઝુકો પણ તુટો નહીં



જે રીતે આકૃતિ સ્પષ્ટ દેખાય તે માટે દર્પણનું સ્વચ્છ હોવું જરૂરી છે,
તેમ જ્ઞાન પ્રગટ કરવા માટે મન સ્વચ્છ હોવું જરૂરી છે

